હદીસ બોધ

કુટુંબો સાથે ભલાઈ કરવી અને તકલીફો સહન કરવી એ સારા માણસની નિશાની છે.

- હદીસ બોધ

બોધ વચન

તમામ ગંભીર સાહસો અંદરથી ઉદ્ભવે છે.

- હેરિયેટ બીવર સ્ટોપ

આજની આરસી

૩ જૂન મંગળવાર	૨૦૨૫
૬ ઝિલહજ હિજરી	૧૪૪૬
જેઠ સુદ આઠમ સંવત	૨૦૮૧
સુબ્હ સાદિક	૪-૨૨
ખત્મે ઝવાલ	૧૨-૩૮
તુલૂએ આફતાબ (સૂર્યોદય)	૫-૫૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત)	૭-૨૨

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

લખનૌમાં દલિત મહિલાનો જાતીય શોષણનો આરોપ

(એજન્સી) લખનૌ, તા.૨

એક દલિત મહિલાએ હરદોઈના એક પુરૂષ પર લગ્નના બહાને તેનું જાતીય શોષણ કરવાનો, સંમતિ વિના અશ્લીલ વીડિયો બનાવવાનો અને બાદમાં બ્લેકમેલ કરવાનો આરોપ લગાવ્યો હતો. આરોપીએ મહિલા પર ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે દબાણ પણ કર્યું, લગ્નની માંગણી કરવા પર વીડિયો ફેલાવવાની ધમકી આપી. પીડિતાના જણાવ્યા મુજબ, આ ઘટના ચાર વર્ષ જૂની છે જ્યારે તે આરોપી રાકેશ કુમાર પાંડે ઉર્ફે અવિનાશ પાંડેને સર્વોદય નગરમાં તેની મોબાઈલ રિપેર શોપ પર મળી હતી. તેમની ઓળખાણ ટૂંક સમયમાં જ અફેરમાં ફેરવાઈ ગઈ. તેણે આરોપ લગાવ્યો કે લગભગ ત્રણ વર્ષ પહેલા રાકેશ તેને જન્મદિવસની પાર્ટીના બહાને એક સંબંધીના ઘરે લઈ ગયો, તેને દારૂ પીવડાવ્યો અને કૃત્યનું ફિલ્માંકન કરતી વખતે તેના પર જાતીય હુમલો કર્યો હતો લગ્નનું વચન આપવા છતાં, તે વિલંબ કરતો રહ્યો અને આખરે ના પાડી. જ્યારે તેણે આગ્રહ કર્યો, ત્યારે તેણે તેને વીડિઓઝ દ્વારા બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું અને બળજબરીથી જાતીય શોષણ ચાલુ રાખ્યું. મહિલાએ કહ્યું કે, તેણે બધા સંપર્ક તોડી નાખ્યા, પરંતુ જુદા જુદા નંબરો પરથી કોલ દ્વારા હેરાનગતિ ચાલુ રહી હતી. બાદમાં, રાકેશે કથિત રીતે પોતાનો ખ્રિસ્તી ધર્મ જાહેર કર્યો અને મહિલા અને તેના પરિવારને ધર્મ પરિવર્તન કરવાની માંગ કરી. જ્યારે તેણે પ્રતિકાર કર્યો, ત્યારે તેણે તેના અશ્લીલ વીડિયો અને ફોટા મિત્રો અને સંબંધીઓને મોકલ્યા અને પૈસા અને મિલકતની માંગણી કરવાનું શરૂ કર્યું. તેણે જાનથી મારી નાખવાની ધમકીઓ મળી હોવાનો પણ દાવો કર્યો. ગાઝીપુર (ઇન્દિરાનગર) એસીપી અનિંદ્ય વિક્રમ સિંહે પુષ્ટિ આપી કે કેસ નોંધવામાં આવ્યો છે અને આરોપીને શોધવા અને અટકાયતમાં લેવાના પ્રયાસો ચાલુ છે.

૨૦૧૨માં દલિત વેપારી પર હુમલો કેસ : અયોધ્યાની SC/ST કોર્ટનો ૧૦ પોલીસકર્મીઓની ધરપકડનો આદેશ

(એજન્સી) તા.૨

અયોધ્યાની એક ખાસ SC/ST કોર્ટે ૨૦૧૨માં દલિત વેપારી રાજકુમાર સોનકર પર કથિત કસ્ટોડિયલ હુમલો અને લૂંટના કેસમાં તત્કાલીન સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) જંગ બહાદુર સિંહ સહિત ૧૦ પોલીસકર્મીઓની ધરપકડ માટે બિન-જામીનપાત્ર વોરંટ (NBW) જારી કર્યા છે. કોર્ટે અયોધ્યાના ઈન્સ્પેક્ટર જનરલ (આઈજી)ને ૨૦ જૂન, ૨૦૨૫ના રોજ તમામ આરોપીઓની ધરપકડ સુનિશ્ચિત કરવા અને તેમને કોર્ટમાં રજૂ કરવા નિર્દેશ આપ્યો છે. કેસની વિગતો અનુસાર, આ ઘટના ૨૧ ઓગસ્ટ, ૨૦૧૨ના રોજ બની હતી, જ્યારે સ્થાનિક વેપારી રાજકુમાર સોનકરને પોલીસ સ્ટેશનની અંદર પોલીસ દ્વારા કથિત રીતે અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. પીડિતે દાવો કર્યો છે કે તેમને પોલીસ કાર્યક્રમ માટે મફતમાં ખાદ્ય પદાર્થો પ્રદાન કરવાની ફરજ પાડવામાં આવી હતી. ઇનકાર કરવા પર, તેમને કથિત રીતે માર મારવામાં આવ્યો હતો, અને તેમની સોનાની ચેઈન અને રૂા.૨૫,૦૦૦ રોકડ પડાવી લેવામાં આવ્યા હતા. પત્રકારો સાથે વાત કરતા, સોનકરના વકીલ માર્તંડ પ્રતાપ સિંહે જણાવ્યું હતું કે, 'મારા ક્લાયન્ટને ફરજ પરના પોલીસકર્મીઓ દ્વારા બળજબરીથી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા, ક્રૂરતાપૂર્વક હુમલો કરવામાં આવ્યો હતો અને લૂંટવામાં આવ્યા હતા. વારંવાર કોર્ટના આદેશો છતાં, કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.' સોનકરે બાદમાં SC/ST કોર્ટમાં ફરિયાદ દાખલ કરી, જેણે વર્ષોથી અનેક વોરંટ જારી કર્યા છે. આમ છતાં, કોઈ ધરપકડ કરવામાં આવી ન હતી. આરોપી પોલીસકર્મીઓએ રાહત માટે અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી કરી હતી, પરંતુ તેમની અરજી ફગાવી દેવામાં આવી હતી, અને તેમને ત્રણ અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. જોકે, તેમણે નિર્દેશની અવગણના કરી હોવાનું કહેવાય છે. પાલન ન થતાં, SC/ST કોર્ટે હવે નવા NBW(બિન જામીનપત્ર વોરંટ) જારી કરીને કડક કાર્યવાહી કરી છે અને ઉચ્ચ સ્તરીય પોલીસ અધિકારીઓને આદેશનો અમલ કરવાનો આદેશ આપ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૨૦ જૂન, ૨૦૨૫ના રોજ થવાની છે.

કેસની વિગતો અનુસાર, આ ઘટના ૨૧ ઓગસ્ટ, ૨૦૧૨ના રોજ બની હતી, જ્યારે સ્થાનિક વેપારી રાજકુમાર સોનકરને પોલીસ સ્ટેશનની અંદર પોલીસે અટકાયતમાં લીધા હતા અને તેમના પર હુમલો કર્યો હતો. પીડિતે દાવો કર્યો છે કે, તેમને પોલીસ કાર્યક્રમ માટે મફતમાં ખાદ્ય પદાર્થો પૂરા પાડવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. ના પાડવા પર, તેમને કથિત રીતે માર મારવામાં આવ્યો હતો, અને તેમની સોનાની ચેઈન અને ૨૫,૦૦૦ રૂપિયા રોકડા પડાવી લેવામાં આવ્યા હતા

નોર્વેમાં કાર્લસનને આંચકો આપતો ગુકેશ : તરૂણ ચેસ મહારથીએ વિશ્વના નંબર ૧ ચેસ દિગ્ગજ સામે પહેલીવાર શાનદાર કલાત્મક વિજય મેળવ્યો

તા.૨

વિશ્વ ચેમ્પિયન ડોમ્મરાજુ ગુકેશે ઐતિહાસિક જીત નોંધાવી. નોર્વે ચેસ ૨૦૨૫ના છઠ્ઠા રાઉન્ડમાં તેણે ક્લાસિકલ ટાઈમ કંટ્રોલમાં પ્રથમ વખત મેગ્નસ કાર્લસનને હરાવ્યો. આ હારથી ગુસ્સે ભરાયેલા કાર્લસને ગુસ્સામાં ચેસ બોર્ડ પર મુક્કો માર્યો. આનાથી બધા ચોંકી ગયા. આ સાથે ગુકેશે વિશ્વના નંબર વન ખેલાડીને હરાવી દીધો હતો. ગુકેશ ડીએ ફરી એકવાર એક શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે. ગુકેશ સામે હાર્યા બાદ, પૂર્વ વિશ્વ ચેમ્પિયન મેગ્નસ કાર્લસન પોતાના ગુસ્સા પર કાબુ રાખી શક્યો નહીં. મેચ પૂરી થતાં જ તેણે ગુસ્સામાં ચેઝને મુક્કો માર્યો, જોકે તેને ટૂંક સમયમાં જ તેની ભૂલનો અહેસાસ થયો. તેણે તરત જ માફી માંગી અને વિજેતા ગુકેશને તેની જીત બદલ અભિનંદન આપ્યા. જીત પછી ગુકેશે કોઈ આક્રમકતા દર્શાવી નહીં, તેણે ફક્ત કાર્લસન સાથે હાથ મિલાવ્યા અને શાંતિથી તેની સીટ પરથી ઊભો થયો અને મોં પર હાથ દબાવીને એક જગ્યાએ ઊભો રહ્યો. એવું લાગતું હતું કે તે પોતે પણ વિશ્વાસ કરી શકતો નથી કે તેણે આ કર્યું છે, તેણે પૂર્વ નંબર-૧ મેગ્નસ કાર્લસનને હરાવ્યો છે. ૧૯ વર્ષીય ગુકેશ ડી પહેલા રાઉન્ડમાં કાર્લસન સામે હારી ગયો હતો. આ જીત પછી કાર્લસને એક પોસ્ટ પણ કરી જેમાં તેણે લખ્યું હતું કે 'જ્યારે તમે રાજા સામે રમો છો, ત્યારે તમારે ચૂકી ન જવું જોઈએ.' કદાચ તે આ પોસ્ટ દ્વારા કહેવા માંગતો હતો કે તેને હરાવવું ખૂબ મુશ્કેલ છે, પરંતુ ગુકેશે તેની રમતથી આનો યોગ્ય જવાબ આપ્યો. સફેદ પીસ સાથે રમતા, ગુકેશે સમગ્ર રમત દરમિયાન ધીરજ અને શિસ્ત જાળવી રાખી. તેણે ઈક્વિમેન્ટલ ટાઇમ કંટ્રોલમાં વાપસી કરી, જ્યારે કાર્લસને તે પહેલાં મોટાભાગે લીડ જાળવી રાખી હતી. ગુકેશે કાર્લસનની ભૂલનો ફાયદો ઉઠાવ્યો અને ટેબલ પલટી નાખ્યું. ગુકેશે છેલ્લી ચાલમાં વળતો હુમલો કરીને જીત મેળવી.

PBKSની IPL ૨૦૨૫ની ફાઇનલમાં પ્રવેશ બાદ ભાવુક થઈ પ્રીતિ ઝિન્ટા, શ્રેયસ ઐયર સાથે કરી ઉજવણી

તા.૨

આઈપીએલ ૨૦૨૫ની બીજી ક્વોલિફાયર મેચમાં પંજાબ કિંગ્સે કેપ્ટન શ્રેયસ ઐયરની ૮૭ રનની વિસ્ફોટક અણનમ ઈનિંગના આધારે મુંબઈ ઈન્ડિયન્સને પાંચ વિકેટથી હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી. પંજાબ કિંગ્સને જીતવા માટે ૨૦૪ રનની જરૂર હતી. શ્રેયસ ઐયરની ૪૧ બોલમાં આઠ છગ્ગા અને પાંચ ચોગ્ગાની મદદથી ૮૭ રનની મદદથી પંજાબે ૧૯ ઓવરમાં પાંચ વિકેટે ૨૦૭ રન બનાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો. શ્રેયસ ઐયરે ૧૯મી ઓવરમાં યુવા બોલર અશ્વિની કુમારની બોલિંગમાં ચાર છગ્ગા ફટકારીને ટીમને વિજય અપાવ્યો. ઐયરે નેહલ વાઢેરા સાથે ચોથી વિકેટ માટે ૮૪ રનની ભાગીદારી કરી હતી. જે ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતી. જોકે, આ જીત બાદ પંજાબ કિંગ્સ ટીમના માલિક પ્રીતિ ઝિન્ટા ખૂબ જ ખુશ દેખાયા હતા. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. બીજી તરફ પ્રીતિ ઝિન્ટા સાથે મેચ જોઈ રહેલા આરજે મહવશ પણ પંજાબની જીતની ઉજવણી કરતા જોવા મળ્યા હતા. આ જીત બાદ પ્રીતિ ઝિન્ટાએ શ્રેયસ ઐયર પાસે દોડીને ગળે લગાવ્યો હતો. તેમજ ટીમ કોચ સહિત ખેલાડી સાથે ઉજવણી કરી હતી. જોકે, બીજી તરફ ફાઈનલ જવા માટે આતુર મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા હારથી ખૂબ જ નિરાશ દેખાતા હતા. પંડ્યાએ મેદાન પર બેસીને પોતાની નિરાશા વ્યક્ત કરી હતી. જ્યારે ટીમના માલિક નીતા અંબાણી અને પુત્ર આકાશ અંબાણીએ પણ કહ્યું હતું કે હારથી તેમનું સ્વપ્ન તૂટી ગયું છે. નીતા અંબાણી અને પુત્ર આકાશ અંબાણી હારથી નિરાશ દેખાતા હતા.

રાજીવ શુક્લા બીસીસીઆઈના આગામી અધ્યક્ષ બને તેવી શક્યતા

રોજર બિન્ની વય મર્યાદા સુધી પહોંચી જતા બોર્ડના વડા બદલાશે

(એજન્સી) તા.૨

રાજીવ શુક્લા BCCIના નવા અધ્યક્ષ બનશે. તેઓ આગામી મહિને વર્તમાન અધ્યક્ષ રોજર બિન્નીનું સ્થાન લેશે. એક ન્યૂઝ એજન્સીએ BCCIના સૂત્રોના હવાલે જણાવ્યું કે, રાજીવ શુક્લા આગામી મહિને બોર્ડના અધ્યક્ષ તરીકે રોજર બિન્નીનું સ્થાન લેશે. આવતા મહિને ૭૦ વર્ષીય બિન્નીનો કાર્યકાળ પૂરો થશે. અન્ય એક અહેવાલ પ્રમાણે શુક્લાને પહેલા ૩ મહિના માટે BCCIના કાર્યકારી અધ્યક્ષ બનાવવામાં આવશે. તેમની ઉંમર ૬૫ વર્ષ છે. શુક્લા સપ્ટેમ્બરમાં BCCIની એન્યુઅલ જનરલ મીટિંગ યોજાશે ત્યારે પૂર્ણ-સમયના અધ્યક્ષ તરીકે ચૂંટણી લડી શકશે. રોજર બિન્ની ઓક્ટોબર ૨૦૨૨માં BCCIના અધ્યક્ષ બન્યા હતા. તેમણે પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનું સ્થાન લીધું હતું. તેઓ ૧૯ જુલાઈના

રોજ ૭૦ વર્ષના થઈ રહ્યા છે, તેથી તેમનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. જસ્ટિસ લોઢા સમિતિની ભલામણો પર સુપ્રીમ કોર્ટના નિર્ણય પ્રમાણે BCCIનો કોઈપણ અધિકારી ૭૦ વર્ષથી વધુ ઉંમરનો ન હોઈ શકે. તેથી આવતા મહિને BCCIએ નવા અધ્યક્ષની પસંદગી કરવી પડશે. રાજીવ શુક્લા હાલમાં BCCIના ઉપાધ્યક્ષ છે. તેઓ ૨૦૨૦થી આ પદ પર છે. અહેવાલ પ્રમાણે શુક્લા કાર્યકારી અધ્યક્ષ જ બનશે. સપ્ટેમ્બર મહિનામાં નવા પૂર્ણ-સમયના અધ્યક્ષની પસદંગી થઈ શકે છે. એક ન્યૂઝ એજન્સીએ BCCIના સૂત્રોનો હવાલો આપીને જણાવ્યું કે, 'પરંપરા પ્રમાણે આવી સ્થિતિમાં BCCIના સૌથી વરિષ્ઠ અધિકારીને આ કાર્યભાર સોંપવામાં આવે છે. તેઓ (રાજીવ શુક્લા) સપ્ટેમ્બરમાં આગામી ચૂંટણી સુધી આ પદ સંભાળશે.'

ગ્લેન મેક્સવેલે T20 પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ODI ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

તા.૨

ઓસ્ટ્રેલિયાના આક્રમક ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલે આજે ૨ જૂન, ૨૦૨૫ના રોજ વનડે ઈન્ટરનેશનલ (ODI) ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરી છે. ૩૫ વર્ષીય મેક્સવેલે ૧૩ વર્ષ પછી આખરે ક્રિકેટના વન-ડે ફોર્મેટને અલવિદા કરી દીધી છે. તેના અચાનક નિવૃત્તિના નિર્ણયે ચાહકોને ચોંકાવ્યા છે. મેક્સવેલે નિવૃત્તિ લેવા પાછળનું કારણ પણ જણાવ્યું છે. આ નિર્ણય જાહેર કરતા ગ્લેન મેક્સવેલે કહ્યું કે, 'હું હવે ટી-૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટ પર વધુ ફોકસ કરવા માંગુ છું. ખાસ કરીને ૨૦૨૬માં યોજાનારી ટી-૨૦ વર્લ્ડ કપ પર ફોકસ કરીશ.' મેક્સવેલે ૨૫ ઓગસ્ટ, ૨૦૧૨ના રોજ ક્રિકેટમાં વનડે રમવાની શરૂઆત કરી હતી. તેણે અફઘાનિસ્તાન વિરૂદ્ધ શારજહાંમાં પહેલી વન-ડે મેચ રમી હતી, જેમાં તે ફક્ત બે રન ફટકારી શક્યો હતો. અંતિમ વનડે ક્રિકેટ મેચ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ભારત વિરૂદ્ધ સેમિફાઈનલમાં રમી હતી, જેમાં તેણે માત્ર સાત રન બનાવ્યા હતાં. મેક્સવેલે એક પોડકાસ્ટમાં પોતાના વનડેમાંથી નિવૃત્તિ વિશે જણાવ્યું કે, 'જો મને લાગતું હોત કે, હું મારી ટીમ માટે શ્રેષ્ઠ યોગદાન આપી રહ્યો છું, તો હું ક્યારેય વનડેથી અલગ ન થયો હોત. પરંતુ મારા સ્વાર્થ માટે હું રમવા માગતો નથી. હું વનડે રમવા સંપૂર્ણ ફિટ નથી. ઓસ્ટ્રેલિયાના ચીફ સિલેક્ટર જયોર્જ બેઈલી સાથે આ મુદ્દે વાતચીત થઈ હતી. ૨૦૨૨માં મારા પગમાં ગંભીર ઈજા થઈ હતી. તાજેતરમાં ચેમ્પિયન્સ ટ્રોફી રમ્યા બાદ તેમાં ફરી દુખાવો શરૂ થયો હતો. ૨૦૨૭ના વર્લ્ડ કપ વિશે અમે ચર્ચા કરી. મને નથી લાગતું કે, હું સારૂ પર્ફોર્મન્સ આપી શકીશ. મારૂં સ્થાન અન્ય ખેલાડીને આપવાનો સમય આવી ગયો છે.'

બિહારની ભયાનકતા : બળાત્કાર અને છરીથી પાશવી હુમલાના કારણે ઈજાગ્રસ્ત ૯ વર્ષની દલિત બાળાનું મૃત્યુ, હોસ્પિટલની પથારી માટે "૬ કલાક રાહ" જોવી પડ્યાનો પરિવારનો આક્ષેપ

(એજન્સી) તા.૨

બિહારના મુઝફ્ફરપુરમાં તેના પર બળાત્કાર થયો હતો અને તેના શરીર પર છરીના ૨૦ ઘા સાથે તે ખાડામાં પડેલી મળી આવી હતી; કોંગ્રેસના નેતા કહે છે કે તેને દાખલ કરવામાં આવે તે પહેલાં ૫ કલાક સુધી પટના હોસ્પિટલની બહાર એમ્બ્યુલન્સમાં રાખવામાં આવી હતી; પક્ષે મૃત્યુ માટે NDA સરકારને દોષી ઠેરવીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. મુઝફ્ફરપુરમાં બળાત્કારનો ભોગ બનેલી અને લગભગ છરીના ૨૦ ઘા સાથે મળી આવેલી એક સગીર દલિત છોકરીનું પટના મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મૃત્યુ થયું. પોલીસે જણાવ્યું હતું કે આ ક્રૂર હુમલો ૨૬ મેના રોજ થયો હતો. ૧૧ વર્ષની બાળકીને વધુ સારી તબીબી સારવાર માટે પટના ખસેડવામાં આવી હતી, પરંતુ કથિત રીતે પટના હોસ્પિટલની બહાર એમ્બ્યુલન્સમાં લગભગ પાંચ કલાક સુધી પીડા સહન કરતી રહી હતી, અને બિહાર કોંગ્રેસના પ્રમુખ રાજેશ કુમારના હસ્તક્ષેપ બાદ તેને દાખલ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે છોકરી ઈંટના ભઠ્ઠામાં એક ખાડામાં તેના ગળા પર અને તેની આસપાસ છરીના લગભગ ૨૦ ઘા સાથે મળી આવી હતી. છોકરીના કાકાની ફરિયાદ પર ૩૦ વર્ષીય વ્યક્તિ વિરૂદ્ધ પ્રથમ માહિતી અહેવાલ (FIR) દાખલ કરવામાં આવી હતી અને તે જ સાંજે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ઘાયલ છોકરીને શરૂઆતમાં મુઝફ્ફરપુરની શ્રી કૃષ્ણ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી અને કલાકો સુધી તેની સર્જરી કરવામાં આવી હતી, પરંતુ ડોક્ટરોએ કહ્યું હતું કે તે હજુ પણ ગંભીર છે. તેના પિતાના મૃત્યુ પછી છોકરી તેની માતા અને પિતરાઈ ભાઈની દેખરેખ હેઠળ હતી. મુઝફ્ફરપુરના પશ્ચિમ-૨ના સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી અનિમેષ ચંદ્ર જ્ઞાનીએ મીડિયાને જણાવ્યું હતું કે, 'ડોક્ટરે બળાત્કારની પુષ્ટિ કરી છે.' છોકરીના મૃત્યુ બાદ, મુઝફ્ફરપુરમાં કોંગ્રેસના કાર્યકરોએ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને આરોગ્ય મંત્રી મંગલ પાંડે વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરીને રસ્તો રોકી દીધો હતો. શ્રી રાજેશ કુમારે તેના મૃત્યુ માટે રાજ્ય સરકારને જવાબદાર ઠેરવી હતી અને આરોપ લગાવ્યો હતો કે યોગ્ય અને સમયસર સારવારના અભાવે તેનું મૃત્યુ થયું હતું. કોંગ્રેસના કાર્યકરોએ પટણામાં મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીના પૂતળા પણ બાળ્યા હતા. શ્રી રાજેશ કુમારે જણાવ્યું હતું કે, 'બેજવાબદાર જનતા દળ (યુનાઈટેડ)-ભાજપની સરકારે પોતાના ગેરવહીવટથી સગીર દલિત બળાત્કાર પીડિતાને મોતના મુખમાં ધકેલી દીધી. આ ઘટના ૨૬ મેના રોજ બની હતી, અને કોંગ્રેસ પાર્ટી સતત આ મુદ્દો ઉઠાવી રહી છે, પરંતુ મુઝફ્ફરપુર જિલ્લા મેજિસ્ટ્રેટ કે પટણા એઇમ્સ હોસ્પિટલ અને પીએમસીએચ બંનેમાંથી કોઈએ તેના પર ધ્યાન આપ્યું નથી,'. તેમણે વધુમાં કહ્યું, 'અમે મુઝફ્ફરપુરના ડીએમને અપીલ કરી હતી અને છોકરીને સારવાર માટે મોટા આરોગ્ય કેન્દ્રમાં રીફર કરવા માટે મેમોરેન્ડમ સુપરત કર્યું હતું. અમે છોકરીને એરલિફ્ટ કરીને દિલ્હી એઇમ્સ લાવવાની પણ અપીલ કરી હતી, પરંતુ જેડી(યુ)-ભાજપ સરકારે સાંભળ્યું નહીં.' શ્રી રાજેશ કુમારે ઉમેર્યું, 'જ્યારે છોકરીની તબિયત બગડતા તેને પટણા લાવવામાં આવી, ત્યારે નિષ્ણાત ડોક્ટરોના અભાવને કારણે તેને પહેલા એઇમ્સ પટણામાં દાખલ કરવામાં આવી ન હતી. પછી તેને પીએમસીએચ લાવવામાં આવી, જ્યાં તેને દાખલ કરવામાં આવી ન હતી અને પીડિતાને પાંચ કલાક સુધી એમ્બ્યુલન્સમાં રાખવામાં આવી હતી. મારા હસ્તક્ષેપ અને વારંવારના પ્રયાસો પછી, તેને પીએમસીએચમાં દાખલ કરવામાં આવી હતી, પરંતુ ત્યાં સુધીમાં તેની હાલત ખૂબ જ નાજુક બની ગઈ હતી.' કોંગ્રેસના રાજ્યસભા સાંસદ રણજીત રંજને પણ આ મુદ્દા પર રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) સરકારની ટીકા કરતા કહ્યું, "જ્ઞાન, બલિદાન અને તપસ્યાની ભૂમિ તરીકે જાણીતું બિહાર, JD-(U) અને BJP સરકારના આશ્રય હેઠળ ગુનેગારો અને અરાજકતાવાદી તત્વો દ્વારા હત્યા, બળાત્કાર અને અપહરણના ગુંડા-માફિયા શાસનમાં પરિવર્તિત થયું છે." કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે પીડિતાને સહન કરેવી પડેલી ક્રૂરતા અને તેની સારવારમાં બેદરકારી 'અત્યંત શરમજનક' છે. બિહારના મુઝફ્ફરપુરમાં નવ વર્ષની દલિત છોકરી પર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને હુમલાખોરે તેનું ગળું કાપીને ભાગી ગયો હતો. બાદમાં સગીરા તેની માતાને લોહીલુહાણ અને અર્ધ નગ્ન હાલતમાં મળી આવી હતી. તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને પછી પટણા રિફર કરવામાં આવી હતી. પટણા મેડિકલ કોલેજ અને હોસ્પિટલની બહાર, નવ વર્ષની બાળકીને સારવાર માટે છ કલાક રાહ જોવી પડી હોવાનો તેના પરિવારે આરોપ લગાવ્યો છે. બીજા દિવસે છોકરીએ દમ તોડી દીધો હતો. આ વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ દરમિયાન, આ ચોંકાવનારી ઘટનાએ રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને આરોગ્ય માળખા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. વિરોધ પક્ષો રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને કોંગ્રેસે ભાજપ-JDU સરકાર પર નિશાન સાધ્યું છે અને ભાર મૂક્યો છે કે જો તેને સમયસર સારવાર આપવામાં આવી હોત તો તેને બચાવી શકાઈ હોત. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી રોહિત સાહની નવ વર્ષની બાળકીને નાસ્તાની લાલચ આપીને લઈ ગયો હતો. સાહની પાડોશમાં માછલી વેચે છે અને છોકરી પણ તેની સાથે જોડાઈ ગઈ હતી. ત્યારબાદ આરોપી તેને એક નિર્જન વિસ્તારમાં લઈ ગયો અને તેના પર બળાત્કાર ગુજાર્યો. ત્યારબાદ તે તેનું ગળું કાપીને ત્યાંથી ભાગી ગયો. છોકરીની માતા તે સમયે સૂતી હતી. જાગીને તેણે તેને શોધવાનું શરૂ કર્યું. પડોશીઓએ તેને કહ્યું કે તે સાહની સાથે તેની સાયકલ પર જોવા મળી હતી. જ્યારે સાહનીને પકડીને પૂછપરછ કરવામાં આવી, ત્યારે તેણે છોકરી ક્યાં છે તે જણાવ્યું. નવ વર્ષની બાળકી અર્ધ નગ્ન હાલતમાં ગંભીર ઈજાઓ સાથે મળી આવી. તેને મુઝફ્ફરપુરની શ્રી કૃષ્ણ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં લઈ જવામાં આવી અને વધુ સારી સારવાર માટે રાજ્યની રાજધાનીની પીએમસીએચમાં રિફર કરવામાં આવી. છોકરીના પરિવારે પીએમસીએચમાં આરોપ લગાવ્યો છે કે, બેડ ઉપલબ્ધ ન હોવાથી તેને છ કલાક રાહ જોવી પડી. ગઈકાલે તેનું મૃત્યુ થયું. તેના પરિવારે કહ્યું છે કે, સારવારમાં વિલંબને કારણે તેનું મૃત્યુ થયું. જોકે, હોસ્પિટલના અધિકારીઓએ આ દાવાને ફગાવી દીધો છે.

સાંસદ પ્રિયા સરોજ કોણ છે ? ક્રિકેટર રિંકુ સિંહની મંગેતર દલિતોના રક્ષણ માટે ન્યાયાધીશ બનવા માંગતી હતી : અખિલેશ યાદવે તેમને મછલીશહરથી ચૂંટણી ટિકિટ આપી હતી !

તા.૨

કોલકાતા નાઈટ રાઈડર્સના મિડલ ઓર્ડર બેટ્સમેન રિંકુ સિંહ ૮ જૂને લખનૌમાં સમાજવાદી પાર્ટીના સાંસદ પ્રિયા સરોજ સાથે સગાઈ કરશે, રાજકારણીના પિતા સરોજે રવિવારે પુષ્ટિ આપી. લગ્ન આ વર્ષે ૧૮ નવેમ્બરે વારાણસીની હોટેલ તાજમાં પરંપરાગત રીતે થશે. ૨૭ વર્ષીય રિંકુ સિંહે છેલ્લા બે વર્ષમાં ભારત માટે ૨ વન-ડે અને ૩૩ ટી-૨૦ મેચ રમી છે અને તે આઈપીએલ ફ્રેન્ચાઈઝ કોલકાતા નાઈટ રાઈડર્સનો મહત્ત્વપૂર્ણ સભ્ય છે. ૨૬ વર્ષીય પ્રિયા જૌનપુરના મછલીશહર મતવિસ્તારમાંથી પહેલી વાર સાંસદ બની છે. સમાજવાદી પાર્ટીના અનુભવી રાજકારણીએ માહિતી આપી હતી કે, આ સગાઈ સમારોહ એક ઘનિષ્ઠ પ્રસંગ હશે, જેમાં નજીકના પરિવારના સભ્યો, મિત્રો અને સંબંધીઓ હાજરી આપશે. લગ્ન માટે ક્રિકેટ, બોલીવુડ, વ્યવસાય અને રાજકારણની દુનિયાની અગ્રણી હસ્તીઓને આમંત્રણ આપવામાં આવે તેવી અપેક્ષા છે. બંને પરિવારો અલીગઢમાં મળ્યા બાદ પરસ્પર સંમતિથી લગ્ન નક્કી કરવામાં આવ્યા હતા.

રિંકુ અને પ્રિયા થોડા સમયથી એકબીજાને ઓળખે છે. તેઓ પ્રિયાના મિત્રના પિતા દ્વારા મળ્યા હતા, જે પોતે ક્રિકેટર છે. બંને પરિવારોના આશીર્વાદથી તેમણે લગ્ન કરવાનું નક્કી કર્યું હતું.

પ્રિયા સરોજ સાંસદ કોણ છે ? :

પ્રિયા સરોજ ૨૦૨૪માં મછલીશહર લોકસભા સાંસદ બન્યા, તેમણે ભાજપના ભોલાનાથ સરોજને ૩૫,૮૫૦ મતોના માર્જિનથી હરાવ્યા. મછલીશહર એક અનામત મતવિસ્તાર છે જેમાં પાંચ વિધાનસભા વિસ્તારો સામેલ છે : મરિયાહુ, કેરાકટ, મછલીશહર, ઝફરાબાદ અને પિંડ્રા. દિલ્હી યુનિવર્સિટીમાંથી બીએ કર્યા પછી તેમણે નોઈડાની એમિટી યુનિવર્સિટીમાંથી એલએલબીની ડિગ્રી મેળવી છે. તેમના પિતા સરોજ ૧૯૯૯ અને ૨૦૦૯ની વચ્ચે સૈયદપુર, ગાઝીપુર અને મછલીશહરથી સંસદમાં પ્રવેશ્યા હતા. જ્યારે સપાના વડાએ તેમને ભોલાનાથ સામે ચૂંટણી લડવાનું કહ્યું, ત્યારે તે માત્ર ૨૫ વર્ષની હતી અને ન્યાયિક સેવા પરીક્ષાની તૈયારી કરી રહી હતી. જો કે, તેમણે થોડા સમય માટે સર્વોચ્ચ અદાલતમાં કાયદાની પ્રેક્ટિસ કરી. તેમનું માનવું હતું કે, ન્યાયાધીશ બનવું એ દલિત સમુદાયોને ન્યાય અપાવવાનો માર્ગ હતો. પરંતુ જ્યારે અખિલેશ યાદવે વ્યક્તિગત રીતે સૂચન કર્યું કે શિક્ષિત યુવતીએ તેના પિતાના ગઢમાં પાર્ટીનું પ્રતિનિધિત્વ કરવું જોઈએ, ત્યારે તે ના કહી શકી નહીં.

સમાજવાદી પાર્ટીના મજબૂત નેતા સરોજની પુત્રી પ્રિયા સુપ્રીમ કોર્ટની વકીલ હતી, અખિલેશ યાદવે તેમને ભાજપના વર્તમાન લોકસભા સાંસદ ભોલાનાથ સરોજ સામે ચૂંટણી લડવા માટે પસંદ કર્યા હતા